આકાશવાણી, અમદાવાદ

07-03-2026 Midday: 2.30 to 2.35 pm

SATURDAY Regional News

## CM SURAT PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, વિકાસની સાથે સંસ્કૃતિ અને ધરોહર પણ એટલી જ જરૂરી છે. તેના પાયા મજબૂત હશે તો જ વિકાસ ટકી શકશે. સુરતમાં તાપી—કરજણ લિન્ક પાઈપલાઈન ઉદવહન સિંચાઈ યોજનાના લોકાર્પણ અને સિંચાઈ યોજનાના વિસ્તરણના કામના ભૂમિપૂજન બાદ સભાને સંબોધતા શ્રી પટેલે આ વાત કહી.

તેમણે કહ્યું, આદિવાસી વિસ્તારના કોઈ પણ કામ અધૂરા ન રહી જાય તે દિશામાં કામ કરાશે. શ્રી પટેલે લોકોને તેમના વિસ્તારમાં જરૂર મુજબના તમામ કામ કરવાની સરકારની તૈયારી હોવાનું પણ જણાવ્યું.

મુખ્યમંત્રીએ ઉમરેઠના ધારાસભ્ય ગોવિંદ પરમારના અવસાન અંગે દુઃખ વ્યક્ત કરી તેમને શ્રદ્ધાંજલિ આપી હતી.

## POCSO SENTENCED ANAND POLICE

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, રાજ્ય સરકારની સ્પષ્ટ નીતિ છે કે, મહિલાઓ અને સગીરાઓ વિરુદ્ધના ગુનામાં કોઈ પણ પ્રકારની શિથિલતા ચલાવી નહીં લેવાય અને ગુનેગારોને કાયદાના કડક પાઠ ભણાવાશે. શ્રી સંઘવીએ આણંદમાં જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણના કાયદા – પૉક્સોના ગુનાના બે કેસના આરોપીઓને આજીવન કેદની સજા અપાવવામાં પોલીસની કામગીરીની પ્રશંસા કરી.

આ બંને કેસની તપાસમાં જોડાયેલા તપાસ અધિકારીએ પૉક્સોના સાત કેસમાં 100 ટકા સજાનો દર મેળવ્યો છે અને તે પૈકી છ આરોપીને આજીવન કેદની સજા થઈ છે. નાયબ મુખ્યમંત્રીએ આણંદના તપાસ અધિકારી તત્કાલિન C.P.I. અને તેમની ટીમને આ કેસની ઝીણવટપૂર્વક પરિણામલક્ષી તપાસ બદલ અભિનંદન પાઠવ્યા છે. શ્રી સંઘવીએ કહ્યું, રાજ્ય પોલીસની આ સજ્જતા અને સંવેદનશીલતા રાજ્યની દીકરીઓ અને તેમના પરિવારજનોમાં સુરક્ષાનો વિશ્વાસ વધુ મજબૂત કરે છે.

## GUJ HIGH COURT HUKAM

ગુજરાત વડી અદાલતે રાજ્યમાં ગૃહરક્ષક દળના કર્મચારીઓનું દૈનિક ભથ્થું પોલીસ કર્મચારીઓના ઓછામા ઓછા એટલે કે, મિનિમમ પગાર મુજબ કરવા રાજ્ય સરકારને એક મહિનામાં નિર્ણય લેવા સમય આપ્યો છે. છ અરજદારોએ ગૃહરક્ષક કર્મચારીઓના દૈનિક ભથ્થા અંગે દાખલ કરેલી અરજીની સુનાવણીમાં વડી અદાલતે રાજ્ય સરકારને આ હુકમ કર્યો છે.

## GNLU PARISHAD

ગાંધીનગરમાં ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી – GNLU ખાતે અસંગઠિત ક્ષેત્રમાં કાર્યરત્ મહિલાઓ અંગે બે દિવસની આંતર-રાષ્ટ્રીય પરિષદનો આજથી પ્રારંભ થયો. આંતર-રાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે આગામી એક મહિના લાંબી જ ઉજવણીના કાર્યક્રમના ભાગરૂપે આ પરિષદ યોજાઈ રહી છે. આ અંગે GNLU સૅન્ટર ફૉર વિમૅન ઍન્ડ ચાઈલ્ડ રાઈટ્સનાં વડા ડૉક્ટર આશા વર્માએ વધુ માહિતી આપી.

## VAV THARAD GAM DATTAK

વાવ-થરાદના કલેક્ટર જે. એસ. પ્રજાપતિએ જિલ્લાના 137 અધિકારીને 425 ગામ દત્તક આપ્યા છે. આ અભિગમ હેઠળ દરેક અધિકારીને તેમને ફાળવાયેલા ગામની રૂબરૂ મુલાકાત લેવી પડશે. તેમજ ગ્રામજનો સાથે બેઠક કરી પાયાની જરૂરિયાત, શિક્ષણનું સ્તર, આરોગ્ય સુખાકારી અને સ્વચ્છતાની સમીક્ષા કરવાની રહેશે.

સાથે જ કલેક્ટરે અધિકારીઓને પ્રાથમિક શાળા, આંગણવાડી અને પંચાયત ઘરની રૂબરૂ મુલાકાત લઈ ગામની ક્ષતિઓમાં સુધારા માટે પરામર્શ કરવાની પણ સૂચના આપી છે.

## KTC BHUJODI KHATMUHURT

શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમ છાંગાએ કચ્છમાં ભુજોડી ખાતે ત્રણ કરોડ રૂપિયાના ખર્ચે વિવિધ ચાર માર્ગના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યું. મુખ્યમંત્રી ગ્રામસડક યોજના હેઠળ ભુજોડી ઍપ્રોચ, લૅર ઍપ્રોચ, પૈયા ઍપ્રોચ અને નાના બંદરા, મોટા બંદરા માર્ગનું ખાતમુહૂર્ત કરાયું. આ પ્રસંગે શ્રી છાંગાએ આંતર-રાષ્ટ્રીય ખ્યાતિ મેળવનારા ભુજોડીને કચ્છ અને ગુજરાતનું ગૌરવ ગણાવ્યું. આ પ્રસંગે કચ્છ-મોરબીના સાંસદ વિનોદ ચાવડાએ આ વિસ્તારમાં હજી પણ જરૂરી તમામ વિકાસકાર્યો કરવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો.

KACHCHH SWAMITVA YOJANA

કચ્છમાં ગ્રામ્ય વિસ્તારની મિલકતોના આંકડાઓ તૈયાર કરી પ્રૉપર્ટી કાર્ડ આપવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. સ્વામિત્વ યોજના હેઠળ જિલ્લાના મિલકતધારકોને માલિકી હક્ક આપવા જિલ્લા નિરીક્ષક જમીન દફ્તર વિભાગ દ્વારા આધુનિક ટૅક્નોલૉજીના માધ્યમથી સર્વેક્ષણ કરવામાં આવી રહ્યું છે. વહીવટી તંત્ર દ્વારા જૂન મહિના સુધીમાં આ પ્રૉજેક્ટને સંપૂર્ણપણે આખરી ઓપ આપી દેવાશે. આ યોજના હેઠળ કચ્છના 799 જેટલા ગામને આવરી લેવાશે.